

બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# સતાવનારમાંથી સુવાર્તા પ્રગટ કરનાર

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
Alastair Paterson
અનુકૂલન : Ruth Klassen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.





શરૂઆતની મંડળીના લોકો દ્વારા ઈશ્વરે મહાન કાર્યો કર્યા. એક માણસ જેનું નામ ફિલીપ હતું.

જે ગીચ શહેરના લોકોને ઈસુ વિશે કહેવામાં ખૂબ જ વ્યસ્ત હતો. પણ ઈશ્વરે તેને અરણ્યમાં મોકલી આપ્યો. શા માટે?


કારણ કે ઈશ્વર જાણતા હતા કે અરણ્યમાં
એક મુસાફર હતો જે ઈથોપીયાની કંદીકા
રાણીનો અધિકારી હતો. તે પોતાના
દેશમાં પાછો વળી રહ્યો હતો. તે રસ્તામાં
એક વિશેષ પુસ્તક વાંચી રહ્યો હતો. તમે
ધારી શકો છો કે તે કયું પુસ્તક હતું?
3


જ્યારે
ફિલીપ
ઈશ્વરને
આધિન
થયો ત્યારે
ઈશ્વરે સીધો
તેને એ રાજ્યકર્તા
પાસે દોરીને લઈ ગયો. જે
ઈશ્વરના વચનો સમજ્યા વગર
વાંચી રહ્યો હતો. તેણે ફિલીપને પોતાની
સાથે જોડાવા માટે આમંત્રણ આપ્યું.
4


“આ બાબતનો શો અર્થ થાય છે?”
અધિકારીએ ફિલીપને પૂછ્યું. જ્યારે
તે રથ રણના રસ્તે જઈ રહ્યો હતો
ત્યારે ફિલીપે પોતાનું મુખ ખોલીને
તે વચનની શરૂઆતથી છેક ઈસુ
સુધીની વાત પ્રગટ કરી.
5


એ આફ્રિકાના અધિકારીએ
બાઈબલના એ સંદેશ પર વિશ્વાસ
કર્યો, કે ઈસુ ખ્રિસ્ત દેવનો દીકરો છે. ત્યાં
રસ્તામાં જ પાણી આવતા તેણે ફિલીપને કહ્યું કે,
“એવું હોય તો બાપ્તિસ્મા લેતા મને કોણ અટકાવી શકે છે?”
6


ત્યારબાદ ફિલીપે તેને કહ્યું, “જો તું તારા હૃદયમાં વિશ્વાસ કરે છે તો તું
બાપ્તિસ્મા લઈ શકે છે.” જ્યારે તે અધિકારીએ જવાબ આપ્યો
કે, “હું વિશ્વાસ કરું છું કે ઈસુ ખ્રિસ્ત દેવનો
દીકરો છે.” ત્યારે ફિલીપ તેને પાણી પાસે
લઈ ગયો અને તેનું બાપ્તિસ્મા કર્યું.
7


હવે જ્યારે તેઓ પાણીમાંથી બહાર
નીકળી આવ્યા ત્યારે ઈસુ પ્રભુનો આત્મા
ફિલીપને બીજી જગ્યાએ દોરી લઈ ગયો,
તેથી તે આફ્રિકાના અધિકારીએ તેને ફરી
જોયો નહિં. તે પોતાના દેશ ઈથોપીયામાં
આનંદભેર
પાછો ફર્યો.
8


પણ બીજા અમૂક લોકો ખ્રિસ્તી લોકોનો દ્વેષ કર્યો. સ્તેફન જે ફિલીપનો એક મિત્ર હતો. તેનો ગુસ્સે ભરાયેલા લોકોએ તેને મારી નાંખ્યો. કારણ કે તેઓ તે ઈસુ વિશે વાત કરવા દેવા માંગતા ન હતા. એક માણસ જેનું નામ શાઉલ હતું તે તાર્સસનો હતો, જેણે સ્તેફનને મારી નાંખવામાં મદદ કરી હતી. શાઉલ દરેક ખ્રિસ્તીઓને ધિક્કારતો હતો.
9


શાઉલ ખ્રિસ્તીઓની વિરૂદ્ધ મારી નાંખવાની ધમકીઓ આપતો હતો, તેણે મુખ્ય યાજક પાસે જઈને પત્રો લીધા જેથી તે અધિકાર પ્રાપ્ત કરીને જે માણસો અને સ્ત્રીઓ ઈસુની પાછળ ચાલતા હોય તેમને પકડી લાવે.
10


બિચારા તાર્સસના શાઉલને ખબર નહોતી કે જ્યારે તે ઈશ્વરના લોકોને દુઃખ પહોંચાડી રહ્યો હતો ત્યારે પ્રભુ ઈસુને દુઃખી કરી રહ્યો હતો. ઈશ્વરે શાઉલને રોકવાનો હતો પણ કેવી રીતે?
11


ઈશ્વરે શાઉલની જ “ધરપકડ” કરી! જ્યારે શાઉલ દમસ્કના શહેરના રસ્તે જઈ રહ્યો હતો ત્યારે સ્વર્ગમાંથી એક મહાન પ્રકાશ દેખાયો. શાઉલ જમીન પર પડી ગયો. ત્યારબાદ તેણે એક અવાજ સાંભળ્યો.
12


“તમે કોણ છો પ્રભુ?” શાઉલે ઘાંટો પાડીને પૂછ્યું “હું ઈસુ છું જેને તું સતાવી રહ્યો છે.” ધ્રૂજતો અને આશ્ચર્ય પામીને શાઉલે પૂછ્યું, “પ્રભુ તું મારા વિષે તું શું ઈચ્છે છે?” અને પ્રભુએ તેને કહ્યું કે, “ઉઠ, અને ઉભો થઈને શહેરમાં જા અને તારે શું કરવાનું છે તે સઘળું તને કહેવામાં આવશે.”
13


શાઉલની સાથે જે માણસો હતા તેમણે અવાજ સાંભળો પણ કોઈને દીઠો નહીં. જ્યારે શાઉલ જમીન પરથી ઉભો થયો - ત્યારે તેને ખબર પડી કે આંધળો બની ગયો છે!
તેઓ તેને દમસ્કમાં દોરી ગયાં.
14

આ શહેરમાં શાઉલ ત્રણ દિવસ
જોયા વગર રહ્યો અને તેણે કાંઈ
ખાધું કે પીધું નહી. કદાચ તેણે
આ સમય પ્રાર્થનામાં વિતાવ્યો
હશે. કે જે પ્રભુ ઈસુ તેને
દમસ્કના રસ્તા પર મળ્યો હતો
તેમની પ્રાર્થનામાં રહ્યો હશે.



15

ઈશ્વરે સઘળું આયોજન કરી રાખ્યું હતું. હવે
એક શિષ્ય રહેતો હતો જેનું નામ અનાન્યા
હતું. પ્રભુએ તેને શાઉલની મદદ કરવા
મોકલ્યો. અનાન્યાને બીક લાગી.
પણ તે ઈશ્વરની આજ્ઞાને આધિન
થયો. જ્યારે તેણે શાઉલ પર
પોતાના હાથ મૂક્યા ત્યારે
તેની આંખો ખુલી ગઈ
અને શાઉલ ઈશ્વરના
પવિત્ર આત્માથી
ભરપૂર થયો.



16



શાઉલનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું.
ત્યારબાદ તેણે ખાધું. જ્યારે તેણે ખાધું
ત્યારે તેનામાં તાકાત આવી. શાઉલને
તાકાતની જરૂરીઆત હતી. તેને ખૂબ
જ અગત્યનું કામ કરવાનું હતું.

17

તરત જ શાઉલે સભાસ્થાનમાં જઈને મસીહ
દેવનો દીકરો છે તે પ્રગટ કરવાનું શરૂ કરી
દીધું. ત્યારે બધાએ જેઓએ તેને સાંભળ્યો
તેઓ આશ્ચર્ય પામ્યા અને કહ્યું કે, “આ
એ વ્યક્તિ નથી જેણે ખ્રિસ્તીઓનો નાશ
કર્યો છે?” અને અમૂક
જણે શાઉલને
મારી નાખવા
કાવતરું ઘડ્યું.



18



જો તે શહેર છોડીને જાય તો, તેના
નવા શત્રુઓ શહેરના મુખ્ય દરવાજા
આગળ રાહ જોઈને બેઠા હતાં કે તેઓ
તેને મારી નાખે. પણ તેના નવા મિત્રો
જેઓ ખ્રિસ્તી હતા તેમણે તેને દિવાલ
પરથી મોટી છાબડીમાં ઉતારીને બહાર
મોકલી દીધો. અને ત્યારથી માંડીને શાઉલ
જે ખ્રિસ્તી લોકોને સતાવનાર હતો તે તેના
નવા સ્વામી અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો
વિશ્વાસુ શિષ્ય બની ગયો.

19

સતાવનારમાંથી સુવાર્તા પ્રગટ કરનાર

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

પ્રેરિતોના કૃત્યો ૮-૯

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

20




58 60



આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬